# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


**અખબારી યાદી** **૦૫-૦૮-૨૦૨૪**

- **ગાંધીનગર મહાનગરપાલિકાના ભાજપના વોર્ડ નં. ૩ ના અનુસુચિત જનજાતિની અનામત સીટ ઉપર ચુંટાયેલા નગરસેવકના જાતી પ્રમાણ પત્રની ખરાઈ અંગે માહિતી આપવામાં ઠાગાઠૈયા**
- **નગરસેવક ભરત ગોહિલ સામે સરકારી તંત્ર દ્વારા ત્રણ વર્ષ જેટલો સમય થયો હોવા છતાં કેમ કોઈ પણ કાર્યવાહી કરવામાં આવતી નથી ? શું તેઓ ભાજપના નગરસેવક છે એટલે બચાવવામાં આવી રહ્યા છે ?**

ગાંધીનગર મહાનગરપાલિકા વોર્ડ નં. ૦૩ (સેક્ટર ૨૪,૨૭,૨૮) અનુસુચિત જનજાતિની અનામત બેઠકના ઉમેદવાર ભાજપના ભરતભાઈ મનજીભાઈ ગોહિલ (મૂળભૂત રાજસ્થાનની મારવાડી છે. જેઓએ વર્ષ ૨૦૦૬માં જાતી પ્રમાણપત્ર મેળવેલ છે) તેઓના જાતી પ્રમાણપત્ર અંગે કોંગ્રેસ પક્ષના ગાંધીનગર મહાપાલિકાના વોર્ડ નં. ૩ ના ઉમેદવાર મેહુલભાઈ ગામિતે માહિતી માંગી હતી. ભાજપના મહાનગરપાલિકાના અનુસુચિત જનજાતિના પ્રમાણપત્રની માહિતી અધિકાર કાયદા હેઠળ માહિતી છેલ્લા ૩ વર્ષથી એક યા બીજા કારણોસર આપવામાં આવતી નથી જાણી જોઈને માહિતી છુપાવવા માટે ૩ વર્ષ જેટલો લાંબો સમય વીતી ગયો છતાં અનુસુચિત જનજાતી ના પ્રમાણપત્રની ચકાસણી અંગેનો અહેવાલ કેમ જાહેર કરવામાં આવતો નથી ? સાચા આદિવાસી સમાજના હક્ક અધિકાર પર ભાજપા સરકાર કેમ તરાપ મારી રહી છે ? તેવો વેધક પ્રશ્ન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, અનુસુચિત જનજાતિ અંગેના પમાણપત્રની ચકાસણી કરવાનું કામ સરકારના વિભાગનું છે. કલેકટર ગાંધીનગર અને રાજ્ય ચૂંટણી પંચની જવાબદારી છે. કોંગ્રેસ ઉમેદવારને માહિતી ના આપવા માટે ઘણા કાવા દાવા થઇ રહ્યા. અનુસુચિત જનજાતિના પ્રમાણપત્ર ચકાસણી અંગેનો રીપોર્ટ જાહેર કરવામાં આવતો નથી. નગરસેવક ભરત ગોહિલ સામે સરકારી તંત્ર દ્વારા ત્રણ વર્ષ જેટલો સમય થયો હોવા છતાં કેમ કોઈ પણ કાર્યવાહી કરવામાં આવતી નથી ? શું તેઓ ભાજપના નગરસેવક છે એટલે બચાવવામાં આવી રહ્યા છે ? ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૩ ના કોર્પોરેટરના અનુસુચિત જનજાતિના પ્રમાણપત્રની સત્યત્તા અંગે ભાજપ મોવડી મંડળ કે સરકાર કેમ મૌન છે ? કોંગ્રેસના ઉમેદવારને કેમ માહિતીઓ આપવામાં આવતી નથી ? ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૩ ના ભાજપના ઉમદેવારના અનુસુચિત જનજાતિના જાતી પ્રમાણપત્રની ખરાઈ અંગેના અહેવાલને તાત્કાલિક જાહેર કરવામાં આવે અને ખોટા પુરાવા થી સરકારી લાભો મેળવ્યા હોય તેની સામે કાર્યવાહી થાય. મેન્ડેટ આપનાર સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કોંગ્રેસ પક્ષ કરે છે.

રાજ્ય સરકારના રાજ્યપત્રમાં ગુજરાત એક્ટ નં. ૧૮/૨૦૧૮ ૧૬/૧૦/૨૦૧૮ થી પ્રસિદ્ધ થયેલ છે અને તા. ૧૯/૦૮/૨૦20 થી અમલી બનેલ જાતી પ્રમાણપત્ર આપવા અને ખરાઈ કરવાનાં તેના નિયમો ૨૦૨૦ ના ૧૦ (૧) (૨) ની જોગવાઈ અનુસાર આદિજાતિ વિકાસની અધ્યક્ષતા વાળી સમિતિ સમક્ષ ખરાઈ કરવાની થાય છે. આ સંદર્ભે અગાઉ થી જે તે સત્તાધીશોએ ખરાઈ કરવાની હોય છે. ગાંધીનગર મહાપાલિકાના કોંગ્રેસ પક્ષના વોર્ડ નં. ૦૩ અનુસુચિત જનજાતિ (ST) બેઠકના ઉમેદવાર શ્રી મેહુલ રામસિંગભાઈ ગામિત અને સાચા આદિવાસી અધિકાર બચાવ સમિતિ, ગુજરાત રાજ્યના કન્વીનર ડૉ. રાજન ભગોરા સહીતના આદિવાસી સમાજના હક્ક – અધિકાર માટે લડતા આગેવાનોએ સમગ્ર બાબતે રજૂઆત કરી હતી. જેથી નકલી પ્રમાણપત્ર (Fake Certificate) ના આધારે સામાજિક – આર્થિક અને રાજકીય ફાયદા લેનારાઓ પર રોક લાગે અને અનુસુચિત જનજાતિ – આધિવાસી સમાજને તેના બંધારણીય હક્ક અને અધિકાર મળી શકે.

( ડૉ. મનિષ એમ. દોશી )
મીડિયા કન્વીનર અને પ્રવક્તા
Mob : 9426001599